તા. 12-December-2024
સમય : સવારે 7.45 (નેશનલ)

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 12-Dec. 2024 સવારે : 7.45 થી 7.55
વાર : ગુરૂવાર નેશનલ બુલેટિન

## આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, જેમ જેમ દેશમાં ડિજિટલી કનેક્ટિવિટી વધી રહી છે, તેમ સાયબર ક્રાઇમનું જોખમ પણ વધી રહ્યું છે.
2) કેન્દ્ર સરકારે ઘઉંની સંગ્રહ મર્યાદામાં 31 માર્ચ 2025 સુધી ઘટાડો કર્યો.
3) વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંહે કહ્યું છે કે, ભારત પાસે 2035 સુધીમાં પોતાનું 'ભારત અંતરિક્ષ મથક' હશે.
4) હોકીમાં, ભારત આજે મસ્કતમાં મહિલા જુનિયર એશિયા કપની તેની ચોથી અને અંતિમ લીગ મેચમાં થાઈલેન્ડ સામે ટકરાશે.
5) આગામી પાંચ દિવસ સુધી ઉત્તર ભારત, મધ્યપ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાંક વિસ્તારોમાં ઠંડા પવનો ફૂંકાવાની હવામાન વિભાગની આગાહી.

.....................................................................................

# PM - SMART INDIA HACKATHON

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, જેમ જેમ દેશ મોટા પાયે ડિજિટલી કનેક્ટ થઈ રહ્યો છે, તેમ સાયબર ક્રાઇમનું જોખમ પણ સતત વધી રહ્યું છે.

તા. 12-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન 2024ની ગ્રાન્ડ ફિનાલેમાં યુવા સંશોધકો સાથેની વાતચીતમાં ગઈ કાલે પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત વિશ્વનાં અગ્રણી ડિજિટલ અર્થતંત્રોમાંનું એક છે.

યુવા સંશોધકોની પ્રશંસા કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ સંશોધકો 21મી સદીના ભારત માટે અલગ દ્રષ્ટિકોણ ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, યુવા સંશોધકોનાં ઉકેલો ભારતના ભવિષ્ય માટે નિર્ણાયક છે અને લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે છે.

પ્રધાનમંત્રીએ મુંબઇની વેલિંગકર ઇન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચના યુવા સંશોધકો સાથે પણ સંવાદ કર્યો હતો.

..........................................................................................

# PM KAPOOR FAMILY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈ કાલે નવી દિલ્હીમાં સુપ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક રાજ કપૂરના પરિવારને 14મી ડિસેમ્બરે તેમની જન્મશતાબ્દી પૂર્વે તેમના જીવન અને વારસાને યાદ કરવા મળ્યા હતા. કપૂર પરિવારે પ્રધાનમંત્રીને રાજ કપૂર ફિલ્મ મહોત્સવ માટે આમંત્રણ આપ્યું હતું, જે આ મહિનાની 13 થી 15 તારીખ સુધી 40 શહેરોમાં યોજાશે.

પ્રધાનમંત્રીએ રાષ્ટ્રમાં રાજકપૂરનાં યોગદાનને યાદ કરતા આ મુજબ જણાવ્યું:

(ઓડિયો – પ્રધાનમંત્રી મોદી, રાજ કપૂર)

તા. 12-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

પ્રધાનમંત્રીએ કપૂર પરિવારને રાજ કપૂર વિશે, ખાસ કરીને મધ્ય એશિયાનાં દર્શકો માટે ફિલ્મ બનાવવા વિનંતી કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે લોકોનાં જીવન પર રાજ કપૂરની મોટી અસર હતી. શ્રી મોદીએ પરિવારને જણાવ્યું કે મધ્ય એશિયામાં ભારતીય સિનેમાની વિશાળ સંભાવનાઓ છે અને તેનો ઉપયોગ કરવાની દિશામાં કામ કરવાની જરૂર છે. સિનેમાની શક્તિને યાદ કરતાં, શ્રી મોદીએ એક ઘટના ટાંકતા જણાવ્યું કે, અગાઉની જનસંઘ પાર્ટી દિલ્હીમાં ચૂંટણી હારી ગયા બાદ નેતાઓએ રાજ કપૂરની ફિલ્મ ‘ફિર સુબહ હોગી’ જોવાનું નક્કી કર્યું. તેમણે ઉમેર્યું કે પક્ષે હવે ફરી એક વાર સવાર જોઈ છે.

.........................................................................

# UAE FM- VISIT

સંયુક્ત આરબ અમીરાતના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ પ્રધાન શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહયાન ચોથા વ્યૂહાત્મક સંવાદ અને 15મી ભારત-UAE સંયુક્ત આયોગની બેઠકમાં ભાગ લેવા નવી દિલ્હી પહોંચ્યા છે.

UAEના નેતાનું સ્વાગત કરતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મિડીયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, આ મુલાકાત ભારત અને UAE વચ્ચે બહુપક્ષીય વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરશે. વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર અને તેમના UAE સમકક્ષ શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહયાન આજે નવી દિલ્હીમાં ભારત-UAE વ્યૂહાત્મક સંવાદમાં ભાગ લેશે.

તા. 12-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

UAEના વિદેશ મંત્રી આજે બપોરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત કરશે.

..........................................................................

# SOCIAL MEDIA-GLOBAL OUTAGE

અમેરિકન ટેકનોલોજી કંપની મેટાએ પુષ્ટિ કરી છે કે, ગઈ મોડી રાત્રિએ ગ્લોબલ આઉટેજને કારણે ઇન્સ્ટાગ્રામ, ફેસબુક અને વોટ્સએપ સહિતનાં તેનાં સોશિયલ મિડીયા એપ્સનો ઉપયોગ કરવાની ક્ષમતા મર્યાદિત બની હતી.

કંપનીએ આ અંગે ચોક્કસ વિગતો નથી આપી. સોશિયલ મિડીયા પ્લેટફોર્મ એક્સ પર કંપનીએ  વપરાશકારોને પડેલી અગવડતા બદલ માફી માંગતા જણાવ્યું છે કે, સમસ્યા ઉકેલવા તે સક્રિય રીતે કામ કરી રહી છે. જો કે, સંપૂર્ણ સેવાઓ ક્યારે પૂર્વવત થશે તે અંગે કોઈ સમયમર્યાદા આપવામાં નથી આવી.

..........................................................................

# WHEAT STOCK LIMIT

કેન્દ્ર સરકારે ઘઉંની સંગ્રહ મર્યાદામાં 31 માર્ચ 2025 સુધી ઘટાડો કર્યો છે. અન્ન સલામતીનું સંચાલન કરવા અને સંગ્રહખોરી તથા સટ્ટાખોરીને અટકાવવા માટે કેન્દ્રએ વેપારીઓ, હોલસેલર્સ, છૂટક વેપારીઓ, મોટી શ્રૃંખલા ધરાવતા રિટેલર્સ અને પ્રોસેસર્સ માટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સંગ્રહ મર્યાદા લાદી છે.

વેપારીઓ અને હોલસેલર્સ માટેની સંગ્રહ મર્યાદા 2,000 મેટ્રીક ટનથી ઘટાડીને 1,000 મેટ્રીક ટન કરવામાં આવી છે, જ્યારે છૂટક વેપારીઓ માટે તે 10 મેટ્રીક ટનથી ઘટાડીને પાંચ મેટ્રીક ટન કરવામાં આવી છે.

એક નિવેદનમાં અન્ન અને ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યું છે કે, 2024ની રવી મોસમમાં 1 હજાર 132 લાખ મેટ્રીક ટન ઘઉંનું ઉત્પાદન થયું છે અને દેશમાં પુષ્કળ પ્રમાણમાં ઘઉં ઉપલબ્ધ છે.

..........................................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

......................................................................

# BHARAT ANTARIKSHA STATION

વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંહે કહ્યું છે કે, ભારત પાસે 2035 સુધીમાં પોતાનું અવકાશ મથક 'ભારત અંતરિક્ષ મથક' હશે અને 2040 સુધીમાં એક ભારતીય નાગરિક ચંદ્ર પર ઉતરાણ કરશે.

નવી દિલ્હીમાં 'તમામ વિજ્ઞાન મંત્રાલયોની સિદ્ધિઓ' અંગેની એક પત્રકાર પરિષદને સંબોધતા ડોક્ટર સિંહે કહ્યું કે, સરકાર અવકાશ ક્ષેત્રે કરેલા સુધારાને

કારણે આ ક્ષેત્ર ખુલ્લું મૂકાયું છે. તેમણે ઉમેર્યું કે, અત્યાર સુધીમાં ભારતમાંથી 432 વિદેશી ઉપગ્રહો અવકાશમાં તરતા મૂકવામાં આવ્યા છે, જેમાંથી લગભગ 90 ટકા છેલ્લા 10 વર્ષમાં છોડવામાં આવ્યા છે.

.............................................................................

# HOCKEY- JR WOMEN'S ASIA CUP

હોકીમાં, ભારત આજે મસ્કતમાં મહિલા જુનિયર એશિયા કપની તેની ચોથી અને અંતિમ લીગ મેચમાં થાઈલેન્ડ સામે ટકરાશે. ગઈકાલે ભારત તેની ત્રીજી મેચમાં ચીન સામે 1-2થી હારી ગયું હતું. આ જીત સાથે, ચીન પુલ-Aમાં નવ પોઈન્ટ સાથે ટોચ પર છે, અને સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું છે, જ્યારે ભારત અને મલેશિયા છ-છ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. સેમિફાઇનલ શનિવારે અને ફાઇનલ રવિવારે યોજાશે. ભારતે જાપાનમાં રમાયેલી આ સ્પર્ધાની છેલ્લી આવૃત્તિમાં ફાઇનલમાં દક્ષિણ કોરિયાને 2-1થી હરાવીને ખિતાબ જીત્યો હતો.

.............................................................................

# WORLD SQUASH CHAMPIONSHIP

વર્લ્ડ સ્ક્વોશ ટીમ ચેમ્પિયનશિપ 2024માં, ભારતીય પુરુષ ટીમ આજે ચીનના હોંગકોંગમાં ક્વાર્ટર ફાઇનલમાં ફ્રાન્સ સામે ટકરાશે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે 12 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે, પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પુરૂષોની ટીમે મલેશિયાને 2-1થી હરાવીને નોંધપાત્ર પુનરાગમન કર્યું હતું. જેમાં વીર ચોટરાણી અને વેલાવન સેંથિલકુમારે નિર્ણાયક જીત મેળવી હતી.

દરમિયાન, ભારતીય મહિલા ટીમ તેમની ક્વાર્ટર ફાઈનલ મેચમાં અમેરિકા સામે ટકરાશે. મેચ આજે  બપોરે ૩ વાગ્યે શરૂ થશે. આ પહેલા મહિલા ટીમે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને 2-1થી હરાવ્યું હતું.

.........................................................................

# KHELO INDIA WINTER GAMES

ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ 2025 લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરમાં બે અલગ-અલગ તબક્કામાં યોજાશે. લદ્દાખ 23 થી 27 જાન્યુઆરી દરમિયાન આઈસ હોકી અને આઈસ સ્કીઈંગ સહિતની આઈસ ઇવેન્ટ્સનું આયોજન કરશે, જ્યારે જમ્મુ અને કાશ્મીર 22થી 25મી તારીખ સુધી આલ્પાઈન સ્કીઈંગ, નોર્ડિક સ્કીઈંગ, સ્કી પર્વતારોહણ અને સ્નોબોર્ડિંગ જેવી સ્નો ઈવેન્ટ્સનું આયોજન કરશે.

કેન્દ્રીય રમતગમત મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ વર્ષ 2026નાં વિન્ટર ઓલિમ્પિક્સ માટે રમતવીરોની પસંદગી માટે ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સનાં મહત્વ પર ભાર મૂક્યો હતો.

.........................................................................

# FIFA-WORLD CUPS

તા. 12-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

ઇન્ટરનેશનલ ફૂટબોલ ફેડરેશન-FIFA એ જાહેરાત કરી છે કે, સાઉદી અરેબિયા 2034નાં પુરુષોનાં ફુટબોલ વિશ્વકપની યજમાની કરશે, જ્યારે સ્પેન, પોર્ટુગલ અને મોરોક્કો સંયુક્ત રીતે 2030ની ટૂર્નામેન્ટની યજમાની કરશે.

ગઈકાલે ફિફાની અસાધારણ બેઠકમાં બંને વિશ્વકપ માટે યજમાન રાષ્ટ્રોની પુષ્ટિ કરવામાં આવી હતી. વીડિયો લિંક દ્વારા આયોજિત આ બેઠકમાં FIFAના તમામ 211 સભ્ય દેશોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

વિશ્વકપની 100મી વર્ષગાંઠ નિમિત્તે, 2030ની ટુર્નામેન્ટમાં ત્રણ મેચ આર્જેન્ટિના, પેરાગ્વે અને ઉરુગ્વેમાં પણ યોજાશે. સાઉદી અરેબિયા પ્રથમ વાર ફુટબોલ વિશ્વકપનું આયોજન કરશે. મધ્યપૂર્વમાં તે બીજી વાર યોજાશે.

.....................................................................................

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે પાંચ દિવસ સુધી રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, પંજાબ, મધ્યપ્રદેશ, ગુજરાતનાં સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં ઠંડા પવનો ફૂંકાવાની શક્યતા વ્યકત કરી છે.

જ્યારે તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, દક્ષિણ આંતરિક કર્ણાટક, રાયલસીમા, તટીય આંધ્રપ્રદેશ અને યાનમમાં આજે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુ વિસ્તારોમાં આવતીકાલે ભારે વરસાદ થઈ શકે છે.

તા. 12-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

પશ્ચિમ બંગાળનો ઉપ હિમાલયનો પ્રદેશ, બિહાર સહિત પૂર્વોત્તરના રાજ્યોમાં આગામી બે દિવસ સુધી રાત્રે અને સવારના કલાકોમાં ગાઢ ધુમ્મસ છવાઈ શકે છે. આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફારની શક્યતા નહિવત છે.

.......................................................................................

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા

*********************************

- આજે તમામ સમાચારપત્રોએ અલગ-અલગ સમાચારોને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે. ગુજરાત સમાચાર લખે છે, ધનખડ ભાજપના ‘પ્રવક્તા’, ગૃહ ચલાવવા નથી દેતાઃ વિપક્ષ. નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે, સંસદમાં સોરોસ, ધનખડ મુદ્દે ધમાલઃ કાર્યવાહી ખોરવાઈ. દિવ્ય ભાસ્કર લખે છે, યુવાનોમાં અચાનક મોતનું સત્ય શું? એઈમ્સ પાસે જવાબ નથી, ઑટોપ્સી રિપોર્ટ માગ્યો તો એક જ રટણઃ હજુ રિસર્ચ ચાલે છે. “જમ્મુ-કાશ્મીર, દિલ્હી સહિત ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ” આ સંદેશનું મુખ્યમથાળું છે. તો 48 કલાકમાં ઈઝરાયેલના સિરીયામાં 350 હુમલા- આ ફૂલછાબનું મુખ્યશીર્ષક છે. રાજસ્થાન પત્રિકાએ જસ્ટિસ યાદવ કે ખિલાફ મહાભિયોગ લાએગા વિપક્ષને હેડલાઈન બનાવી છે.
- સ્થાનિક પાના પર સંદેશ લખે છે, કાલુપુરથી સારંગપુર બ્રિજ સુધી ટ્રાફિક ઘટાડવા 6 લેનનો એલિવેટેડ બ્રિજ બનશે.

તા. 12-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

- પ્રસિદ્ધ ફિલ્મ દિગ્દર્શક અભિનેતા સ્વ. રાજ કપૂરની જન્મ શતાબ્દીની ઉજવણી નિમિત્તે કપૂર પરિવારના સભ્યો નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા તે સમાચાર સંદેશ અને નવગુજરાત સમયે પ્રથમ પાના પર તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.
- ગુજરાત સમાચારનો એક અહેવાલ છે, ગુજરાતી સુગમ સંગીતને આઠ દાયકા સુધી ગૂંજતું રાખનારા 'સૂરસમ્રાટ' પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયે અંતિમ 'વિદાય સૂર' છેડ્યા.

*************